જે અન્યને જાણે તે શિક્ષિત છે પણ જે સ્વયંને જાણે તે જ્ઞાની છે
- લાઓત્સે

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

ઈ-પેપર gandhinagarsamachar.com

વર્ષ : (૨૭) અંક નં. ૩૭ | ૧૭ એપ્રિલ ૨૦૧૨, મંગળવાર, ચૈત્ર વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૨૦


# આજે પંચાયતોની મતગણતરી

## કલોલ-આઈ.ટી.આઈ., માણસામાં કોલેજ સંકુલ અને દહેગામ ગાંધીનગરની મતગણતરી તાલુકા પંચાયતની કચેરીઓમાં સવારે નવ વાગે મતગણતરી આરંભાશે

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર જિલ્લામાં બીજા તબક્કાની યોજાયેલ પંચાયતોની ચૂંટણીમાં ૭૮.૭૩ ટકા જેટલું મતદાન નોંધાયું છે. સૌથી વધુ મતદાન દહેગામ તાલુકામાં ૯૩ ટકા ત્યારબાદ કલોલમાં ૮૧.૯૫ ટકા, માણસામાં ૭૩ ટકા તથા ગાંધીનગરમાં ૭૦ ટકા મતદાન નોંધાયું છે.

ગઈ કાલે શાંતિપૂર્ણ મતદાન સંપન્ન થયા બાદ આજે સવારે તમામ તાલુકા મથકોએ આ ચૂંટણીની મતગણતરી હાથ ધરવામાં આવશે. આ માટેની તંત્ર દ્વારા તૈયારીઓ થઈ ચુકી હોવાનું જાણવા મળેલ છે.

૬૦થી પણ વધુ ગણતરીદારો દ્વારા આ મતગણતરીનું કામ સવારે નવ વાગ્યે શરૂ થશે. કલોલ તાલુકાની મતગણતરી આઈ.ટી.આઈ. ખાતે, માણસા તાલુકાની મતગણતરી કોલેજ સંકુલમાં તથા દહેગામ અને ગાંધીનગરની મતગણતરી આ બંને તાલુકાઓની તા. પંચાયતની કચેરી ખાતે હાથ ધરવામાં આવશે.

મતદાન ઈ.વી.એમથી થયુ હોવાને કારણે પહેલું પરિણામ સવારે સાડા નવ વાગે મળી જશે.

જિલ્લા તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે કલોલમાં એક સાથે ૧૧ ગામની ગણતરી હાથ ધરવામાં આવશે જયાં ૩૮ ગ્રામ પંચાયતોની ચૂંટણી હતી. માણસામાં ૬ ટેબલ મતગણતરી માટે બનાવવામાં આવ્યા છે તો દહેગામમાં એક સાથે ૪ ગામોની ગણતરી શરૂ થશે. ગાંધીનગર તાલુકામાં એક ગ્રામ પંચાયતની પેટા ચૂંટણી તથા એક પંચાયતની ચૂંટણી યોજાઈ હોવાથી બે ટેબલો પર એક સાથે મતગણતરી શરૂ કરાશે.

બપોરે બે વાગ્યા સુધીમાં તમામ પંચાયતોના પરિણામ ઉપલબ્ધ બની જશે તેમ જાણવા મળેલ છે. જિલ્લામાં ૧૮ પંચાયતો સમરસ થઈ હતી જે ઉલ્લેખનીય છે.



ધીમે ધીમે કરતાંય ગરમી પોતાની અસર દેખાડવા માંડી છે ખરી. અને એ ગરમીની અસર સામાન્ય જનજીવન ઉપર પણ થવા માંડી છે. ગરમીને કારણે બપોરના સમય દરમ્યાન શહેરમાં સ્વયંભૂ કર્ફ્યૂ છવાયો હોય તેમ શહેર સૂમસામ ભાસે છે. રસ્તાઓ પણ જાણે થંભી ગયા હોય એવી સ્થિતિ સર્વત્ર જોવા મળે છે. આવા જ એક સૂમસામ રસ્તાની તસવીર. (તસવીર : દિપક જાની)

# વિધાનસભાની સામાન્ય ચૂંટણી અંગે પંચે વેગીલી બનાવેલી કવાયત

## ૧૯-૨૦ એપ્રિલના રોજ જિલ્લાના અધિકારીઓને દિલ્હી તેડાવ્યા : ૧લી જૂનથી મતદાર જાગૃતિ અભિયાન સાથે મતદારયાદી સુધારણા અભિયાન યોજાશે

ગાંધીનગર, તા. ૧૬

રાજ્ય વિધાનસભાની આવી રહેલી ચૂંટણીઓ અંગે ભારત સરકારના ચૂંટણી પંચે તેની કવાયત વેગીલી બનાવતાં આગામી ૧૯ અને ૨૦ એપ્રિલના રોજ રાજ્યના તમામ જિલ્લાના નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીઓ અને એક મતદાર નોંધણી અધિકારીને દિલ્હી તેડાવ્યા છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ દરમ્યાન આદર્શ આચાર સંહિતાના અમલ અંગે તેમજ અન્ય કેટલાક મહત્વના કરાયેલા ફેરફારોની જાણકારી આપવા માટે આ બેઠક બોલાવવામાં આવી છે. પંચ આ બધાજ અધિકારીઓને સામાન્ય ચૂંટણીઓમાં કરાયેલા મહત્વના ફેરફારોને લઈ માસ્ટર ટ્રેઈનર તરીકેની વિશેષ તાલીમ આપશે.

પંચે આ વખતે સામાન્ય ચૂંટણીઓ પૂર્વે આખા રાજ્યમાં જનજાગૃતિ અભિયાન છેડવાનો પણ મહત્વનો નિર્ણય કર્યો છે. આ અનુસંધાને તમામ જિલ્લાઓમાં કેવા પ્રકારના કાર્યક્રમોનું આયોજન

● અનુસંધાન પાન-૭ પર


વિસનગર : 15.04.2012 થી TET માં પ્રવેશ શરૂ થશે...

PTC 5700 જગ્યાઓ | TET-2012 | 19000 જગ્યાઓ

B.Ed. / PTC + સ્નાતક 13300 જગ્યાઓ

પરીક્ષાની તા. 24.06.2012 | જાહેરાત 16 થી 24 એપ્રિલ 2012 | ફી ₹ 28000 (R) ₹ 99000 (NR) | સંપૂર્ણ સાહિત્ય FREE

વર્ગ શરૂ થવાની વિગત (TET માટે જ)

| શાખા | બેચ શરૂ થવાની તારીખ | બેચનો સમય | ભણવાના દિવસ |
|---|---|---|---|
| વિસનગર | 28.4.2012 SATURDAY | બપોરના 1-00 થી 3-00 | બુધ થી રવિ |
| મહેસાણા | 27.4.2012 FRIDAY | સવારના 8-00 થી 10-00 | બુધ થી રવિ |
| ગાંધીનગર | 26.4.2012 THURSDAY | બપોરના 3-00 થી 5-00 | સોમ થી શુક્ર |
| પાટણ | 27.4.2012 FRIDAY | સવારના 8-00 થી 10-00 | શનિ થી ગુરૂ |
| હિંમતનગર | 28.4.2012 SATURDAY | બપોરના 2-00 થી 4-00 | ગુરૂ થી સોમ |
| પાલનપુર | 29.4.2012 MONDAY | બપોરના 1-00 થી 3-00 | શુક્ર થી મંગળ |

પ્રવેશ મેળવેલ તમામ વિદ્યાર્થીઓએ ઉપરોક્ત સમય / તારીખ શાખામાં પહોંચી જવું, વર્ગ શરૂ થઈ જશે.

શનિ/રવિની ખાસ બેચ ફક્ત ગાંધીનગર / મહેસાણા શાખામાં જ તા. 5.5.2012 બપોરના ૨ થી સાંજના ૬ શરૂ થશે...

150+થી વધુ 'મેજીસ્ટ્રેટ'ની ટૂંક સમયમાં 'સીધી ભરતી'
❑ લાયકાત : ગ્રેજ્યુએટ તથા LLB ❑ ઉંમર : 21 થી 35 વર્ષ
❑ વર્ગ શરૂ થવાની તા. 28.4.2012 (ફક્ત ગાંધીનગર ખાતે)
❑ બેચનો સમય સાંજે 7-30 થી 9-30 (સોમથી શુક્ર)
ફી ₹ 18,000/- (P) ₹ 31,000/- (M)
'મેજીસ્ટ્રેટ' LLBના વિદ્યાર્થીઓ માટે ખાસ

પરીક્ષા સંભવિત જૂન, જુલાઈ 2012 PSI/કલાર્ક/(બિન સચિવાલય)/કોન્સ્ટેબલ
પાટણ / પાલનપુર ગેરંટેડ બેચમાં પ્રવેશ બંધ તા 18.04.2012

TCCI EDUCATION PVT. LTD.
નોકરી અંગેની ભરતી પરીક્ષાઓની તૈયારી કરાવતી સંસ્થા

ગાંધીનગર 9925698721 — પ્લોટ 328/2, પ્રથમ માળ, ઘ-2 થી ચ-2ની વચ્ચે, દેના ગુજરાત ગ્રામીણ બેંક પાસે, સેક્ટર-7/A, રૂબરૂ / ફોન સંપર્ક : સોમ થી શનિ (બપોરના 3-00 થી 4-00 સુધી) દર રવિવારે રજા

મહેસાણા 7567283798 — પ્રથમ માળ, ચિરાગ પ્લાઝા, આર્યન વર્લ્ડ વાઈડની બાજુમાં, માનવ આશ્રમ ચોકડી, વિસનગર રોડ, રૂબરૂ/ફોન સંપર્ક : સોમ થી શનિ (સવારના 9-30 થી સાંજના 4-00) દર મંગળવારે રજા

હિંમતનગર 9725868704 — બીજો માળ, યામાહા શોરૂમની ઉપર, મોતીપુરા સર્કલ, હિંમતનગર રૂબરૂ / ફોન સંપર્ક : સોમ થી શનિ (સવારના 9-30 થી સાંજના 4-00) રવિવારે રજા

પાલનપુર 8141490633 — એફ-28, પ્રથમ માળ, સરકારી વસાહત સામે, કોલેજ રોડ, તિરૂપતિ પ્લાઝા, પાલનપુર રૂબરૂ / ફોન સંપર્ક : સોમ થી શનિ (સવારના 9-30 થી સાંજના 4-00 સુધી) દર શુક્રવાર રજા

પાટણ 9687885391 — એસ-143 થી 147, પ્રથમ માળ, તિરૂપતિ બજાર, સિધ્ધપુર ચાર રસ્તા, પાટણ. રૂબરૂ / ફોન સંપર્ક : સોમ થી શનિ (સવારના 9-30 થી સાંજના 4-00) દર શુક્રવાર રજા

વિસનગર 9825615837 — 14 પ્રથમમાળ, સ્પાન ચંદન મોલ, ડોસાભાઈ બાગની સામે, ICICI બેંકની ઉપર. વિસનગરની શાખામાં પ્રવેશ શરૂ થશે 15.04.2012 થી • દર સોમવારે રજા

કડી, ઈડર, મોડાસામાં ટૂંક સમયમાં શાખાનો શુભારંભ : સંપર્ક - 9925698721

TCCI 'KNOWLEDGE VALLEY PUBLICATION'
ટૂંક સમયમાં ઉચ્ચ ગુણવત્તા ધરાવતું સાહિત્ય !

ONLINE EDUCATION : 21 નવી શાખાઓ (મધ્ય-દક્ષિણ) ગુજરાત, સૌરાષ્ટ્ર કચ્છ વિસ્તારમાં !

01.06.2012 થી ગાંધીનગર શાખાનું નવું સરનામું ➔ પ્લોટ 99, ઓફીસ 206, બીજો માળ, શ્રી સ્કવેર, ઘ-રોડના છેડા પર, પેથાપુર કોસ (સર્કલ) રોડ, (મહુડી રોડ), પેથાપુર, ગાંધીનગર.

ટૂંક સમયમાં SPOKEN ENGLISH cum ENGLISH LANGUAGE COURSE-2020


# આજે કોંગ્રેસની પરિવર્તનયાત્રા નગરભ્રમણ કરશે

## જવાબ દો - હિસાબ દો અભિયાન અંતર્ગત ભાજપના ભ્રષ્ટાચારને ખુલ્લો પાડશે : મોડી સાંજે સે.૨૪ ખાતે જાહેરસભા યોજાશે

ગાંધીનગર, તા. ૧૬

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા જનજાગરણ અભિયાન અંતર્ગત યોજવામાં આવેલી પરિવર્તન યાત્રા આજે ગાંધીનગર આવી રહી છે તે નગરના વિવિધ સેક્ટરોમાં ફરશે.

એકસો જેટલા વાહનો અને એકસો જેટલી બાઈકો ધરાવતી આ પરિવર્તન યાત્રા પાટનગરમાં પ્રવેશવાની હોવાથી રાજકીય ઉત્તેજનાઓ પણ વધુ જોવા મળી રહી છે. કોંગ્રેસ દ્વારા હિસાબ દો જવાબ દો અભિયાન અંતર્ગત બે માસમાં બે મહત્વના કાર્યક્રમોનું આયોજન ગાંધીનગરમાં કર્યું છે. આ પહેલા ખેડૂત સંમેલન આ જ અભિયાન અંતર્ગત કર્યું હતું હવે નગરના લોકોને જગાડવા માટે આખા નગરમાં આ યાત્રા ભ્રમણ કરશે તેમ પ્રદેશ મહામંત્રીશ્રી નિશીત વ્યાસ અને શ્રી જશુભા રાણાએ જણાવ્યું છે.

ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી મુકેશ પટેલે જણાવ્યું છે કે શહેરના પ્રશ્નોને વાચા આપવામાં આવશે અને નગરચર્યા બાદ રેલી સભાના રૂપમાં ફેરવાશે. આ યાત્રામાં શહેરના યુવાનો સહિત તમામ વર્ગના લોકો જોડાશે.

જિલ્લા પ્રમુખ ડૉ. સી.જે. ચાવડાએ જણાવ્યું હતું કે આ રેલીને દહેગામ ખાતે મળેલા સુંદર પ્રતિસાદ બાદ રેલી સવારે નવ વાગે ગાંધીનગર પંચદેવ મંદિર ખાતે આવી પહોંચશે. આ રેલી પેથાપુર નગરપાલિકાના વિસ્તારમાં પણ ફેરણી કરશે.

યાત્રાના અંતે યોજાયેલ જાહેરસભાને પૂર્વ મુખ્યમંત્રી શ્રી શક્તિસિંહ વાઘેલા તથા પાટણના સાંસદ શ્રી જગદીશ ઠાકોર ઉપરાંત પ્રદેશ આગેવાનો સંબોધશે. જેમાં ભાજપ સરકારના ભ્રષ્ટાચારોથી પ્રજાને વાકેફ કરવામાં આવશે.

ગાંધીનગર શહેરમાં કોર્પોરેશનની રચનાને એક વર્ષ થયા પછી પણ સરકારે સત્તાની સોંપણી નહિ કરી અન્યાય કરવામાં આવી રહ્યો છે તેમ પણ શ્રી મુકેશ પટેલ અને સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન શ્રી પ્રવિણ પટેલ અને અશ્વિન વ્યાસે જણાવ્યું હતું.

● અનુસંધાન પાન-૭ પર


જોઈએ છે

સીરામીક ટાઈલ્સના શો-રૂમ માટે એકાઉન્ટ અને સેલ્સ માટે લેડીઝ / જેન્ટ્સ જોઈએ છે.

સ્થળ : શ્રીરામ સીરામીક્સ

ચાઈલ્ડ વર્લ્ડ સ્કૂલની બાજુમાં, એસ્સાર પેટ્રોલ પંપની પાછળ, શિહોલી મોટી, ચીલોડા સર્કલથી હિંમતનગર તરફ ૩ કિલોમીટર, તા. જી. ગાંધીનગર

સંપર્ક : મો. : ૯૮૨૫૩૮૭૨૨૫, ૯૮૨૯૫૨૧૦૮૮

બંગલો વેચવાનો છે
સેક્ટર-૭, સી. ૯૭૫-૨, ગાંધીનગર
૯૦ ચો.મી ૨॥ માળ ટાઈટલ કલીયર
એસટી ડેપોની સામે
સંપર્ક : 9429100492

DTH. TV રીમોટ મળશે
આપનું LED TV, LCD TV કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી.
ફક્ત ફોન કરો ૧થી ૩૦ સેક્ટર માટે
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૨૩૨૮૭૧૧૫, ૯૪૨૬૪ ૪૨૭૮૫
મોબાઈલ : ૯૭૧૪૧૯૮૩૬૬

ગાંધીનગરમાં ફોક્સવેગનનો ભવ્ય લોન તથા એક્ષચેન્જ કાર્નીવલ

www.volkswagen.co.in
Volkswagen. Das Auto.




વેન્ટો ડીઝલ તથા પોલો ડીઝલ હાજરમાં ઉપલબ્ધ



લોન કમ એક્ષચેન્જ કાર્નીવલ : સોમવાર-મંગળવાર (તા. ૧૬-૧૭ એપ્રીલ)

સ્થળ : ફોક્સવેગન કર્ણાવતી, પ્લોટ નં. ૧૦૦૨, જી.આઈ.ડી.સી., ડી. એસ. પી. ઓફીસની સામે, સે. ૨૮, ગાંધીનગર. M : 9925005642

Special offer for Doctors, Government employees, Insurance company employees and selected Corporates. *Terms and conditions apply. Accessories shown and features listed may not be part of standard equipment. All offers from Volkswagen dealer. For further details, please visit our dealership at:

Volkswagen Karnavati, Parklane Cars Pvt.Ltd. (Punjab Automobiles Group),
75, Brahma Kshatriya Society, Gujarat College Road, Ellis Bridge, Ahmedabad - 380006 Phone : 079 - 31901100.